"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૧-૨૨/૨૦ તા.૨૯-૦૩-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ અને પોલીસ હાઉસીંગ
ગુજરાત રાજય, ગાંધીનગર.

**<u>વિષય :- પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજૂઆત</u>**

માનનીયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા "અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદ" જે રાજય સ્તરની એક માત્ર સંસ્થા છે અને તેમાં ગુજરાત રાજયના ડિસ્ટ્રીકટ અને મોટા શહેરના દરેક એસોસીએશન તેમજ ૧૫૦ ઉપરાંત રાજયના મોટા ટ્રાન્સપોર્ટરો પણ સભ્ય છે. અમારી સંસ્થા રાજયમાં લગભગ ૧૨ લાખ નાના-મોટા વ્યાપારિક વાહન માલિકોનું રાજય તેમજ કેન્દ્ર સ્તરે પ્રતિનિધિત્વ કરીએ છીએ.

આપશ્રીને ખાસ જણાવવાનું કે જયારે કોઈ ગાડીને શહેરી વિસ્તારમાં નાનો મોટો અકસ્માત થાય છે ત્યારે તેનો ગુનો ટ્રાફિક પોલીસ દ્વારા સંભાળવામાં આવે છે. જે તે તપાસ અધિકારી તેમની સગવડતા અનુસાર વાહનને પાર્ક કરાવે છે. આવા વખતે ગાડીમાં લાદેલ માલ-સામાન અને તેની બહાર લાગેલ બીજા સામાન જેવા કે સ્પેરવ્હીલ, બેટરી, ડિઝલ ટેંક વગેરેની સલામતી જોખમાય છે અને તેની જવાબદારી પોલીસ અધિકારી દ્વારા લેવામાં આવતી નથી. આ વખતે અમે ગાડી ચાલકને ત્યાં રાખવા માટે ના નથી કહેતા પણ ગાડી ડિટેઈન ન કરવામાં આવે અને છોડવામાં આવે તો ઉપર જણાવેલ પ્રશ્નોનો હલ થાય. આ ઉપરાંત જે-તે ગાડીને કોર્ટ દ્વારા છોડવામાં આવે તેમાં ઘણો વિલંબ અને ખર્ચ થાય છે. ગાડીને ઉભા રહેવું પડે છે અને ત્યાં સુધી ઉપર જણાવેલ વસ્તુઓ જોખમાય છે.

ગુજરાત રાજયના હાઈવે ઉપર કોઈપણ સ્થળે ગાડી ગુમ થયાની કે તેમાં લાદેલ માલ-સામાન ગુમ થયાની જાણકારી મળતાં, જે-તે પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવા જઈએ ત્યારે સીમા-હદનો પ્રશ્ન ઉપસ્થિત કરી ફરીયાદ લેવામાં આવતી નથી. આ અંગે સુચારૂ વ્યવસ્થા ગોઠવાય તો ગાડીવાળાને પડેલ તકલીફમાં વધારો ના થાય.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ,

વાસણભાઈ જી. આહિર
પ્રમુખ

નકલ રવાના :
૧. માન.શ્રી આશીષ ભાટિયા સાહેબ (આઈપીએસ)-ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડી.જી.પી.) અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી-ગાંધીનગર.
૨. માન.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ-માન. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર, અમદાવાદ.
૩. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.

# Gujarat Police

**Office of the IG of Police (STB)**
**Gujarat State, Sector No 30,**
**Block No.201/1 & 201/2, G-1 Type,**
**Gandhinagar – 382030**
**Phone-079-23261224 Fax: 079-232 61225**
**E-Mail: dgp-stb-br@gujarat.gov.in**


**ક્રમાંક:**૧૮૬/STB/RB/F.NO.2/ગર્વ.રેક્ર.અરજી/૬૮૪/૨૦૨૨. તા.૨૬/૦૫/૨૦૨૨.

**પ્રતિ,**
-પોલીસ કમિશનરશ્રી, (અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ) શહેર.
- જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, (પ.રે.વડોદરા/અમદાવાદ સહિત) તમામ.

**વિષય:** પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજૂઆત બાબત.
**સંદર્ભ:** ગૃહ વિભાગ,સચિવાલય, ગુ.સ., ગાંધીનગરના તા.૦૫/૦૫/૨૦૨૨ ના પત્ર ક્રમાંક:ટફક/૧૦૨૦૨૨/મુમક-અરજી/ટ અન્વયે.

**શ્રીમાન,**

સવિનય, ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભના **પત્રથી** અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદ નાઓની તા. ૨૯/૦૩/૨૦૨૨ ની અરજીથી પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજૂઆત ગૃહ વિભાગને મળેલ જે રજુઆત અત્રેની કચેરીને જરૂરી કાર્યવાહી અર્થે પાઠવેલ છે, જે રજુઆત અરજીની નકલ આ સાથે સામેલ છે.

૨/- પ્રસ્તુત પત્ર સાથેની રજૂઆત અરજી પરત્વે નિયમોનુસાર કાર્યવાહી કરવા/કરાવવા આજ્ઞાનુસાર વિનંતી છે.

**બિડાણ:** સંદર્ભિત અરજી.

**"પોલીસ અધિક્ષકશ્રી (STB) નાહુકમથી"**

**આપનો વિશ્વાસુ,**

**(જે.જે.ચૌધરી)**
નાયબ પોલીસ અધીક્ષક
સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, ગુ.રા., ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના:</u>**

- સેક્શન અધિકારીશ્રી,ગૃહ વિભાગ, ટ-શાખા, સચિવાલય,ગુ.સ., ગાંધીનગર.
  ૨/- સંદર્ભિત પત્ર અન્વયે જાણ સારૂ.
- ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદીર સામે શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪.

STB-RB-D.R.-2022.DOC

Gmail

Agtta Gujarat <agtta.gujarat@gmail.com>

# અરજી નો પ્રત્યુતર પાઠવવા બાબત

**G.K.BHARWAD (GoG-Home Dept.)** <pi-home-sg1trf@gujarat.gov.in>
To: "agtta.gujarat@gmail.com" <agtta.gujarat@gmail.com>

Tue, Apr 12, 2022 at 11:45 AM

એસ.જી.૦૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

**arji 2022.docx**
87K

# એસ.જી.૦૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન

સોલા બ્રિજ નાપાર્ક, સોલા સિવિલ હોસ્પીટલની સામે,

અમદાવાદ શહેર

ફોન નં. (૦૭૯) ૨૭૭૭૪૨૨૭

ઇ-મેલ - pi-home-sg1trf@gujarat.gov.in


| | |
|---|---|
| જાવક ક્રમાંક : ૩૩૮/૨૦૨૨ | તા.૧૨/૦૪/૨૦૨૨ |

પ્રતિ

હસુભાઇ એન. ભગદે

માનદમંત્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ

અસોશીએશન અમદાવાદ શહેર

સવિનય સાથે જણાવવાનુ કે, આપશ્રીએ તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ પોતાના લેટર પેડ ઉપર ગુજરાતી ભાષામાં ટાઇપીંગ કરેલ અરજી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની કચેરી ખાતે કરેલ છે. જેમાં આપશ્રીએ અરજીમાં શહેરી વિસ્તારમાં ભારે વાહનનો અકસ્માત થાય છે ત્યારે ટ્રાફીક પોલીસ ધ્વારા ગુનો દાખલ કરવામાં આવે છે. અને અકસ્માતમાં વાહન પણ ગુનાના કામે કબજે કરવામાં આવે છે. અને તે વાહનને કોર્ટ ધ્વારા છોડાવવામાં આવે છે. અને તે વાહનમાં રહેલ માલ-સામાન તેમજ વાહનની બેટરી સ્પેરવ્હીલ ડીઝલટેંક વિગેરે સામાનની જવાબદારી પોલીસ ધ્વારા લેવામાં આવતી નથી. અને જયારે આવા સામાનની ગુમ થવા બાબતની રજુઆત કરવા જઇએ તો પોલીસ ધ્વારા સીમા હદનો પક્ષ ઉપસ્થિત થાય છે. જેથી આવા પશ્નનો બાબતે સુચારૂ વ્યવસ્થા કરવા બાબતે આપશ્રીએ સજેશનરૂપી અરજી કરી સજેનશ કરેલ છે.જે સજેશનરૂપી અરજી અત્રે પો.સ્ટે તપાસ અર્થે મળેલ છે. આ કામે અત્રે પો.સ્ટેથી આપશ્રીની અરજી અન્વયે અકસ્માતમાં કબજે લીધેલ વાહનમાં રહેલ માલ સામાન બાબતે પી.એસ.ઓ. તથા અકસ્માતના ગુનાની તપાસ કરતા ત.ક.અધિકારીશ્રીને જરૂરી સુચના આપેલ છે. અને અત્રેના પોલીસ સ્ટેશનની હદ વિસ્તારની ટ્રાફીકની સમસ્યા હોય તો ૦૭૯- ૨૭૭૭૪૨૨૭ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.તા.૧૨/૦૪/૨૦૨૨

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION AHMEDABAD

પોલીસ ઇન્સ્પેક્ટર

એસ.જી.૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

# આપ શ્રી કરેલ અરજી અનુસંધાને અરજી પ્રત્યુતર

From: "B" Traffic Police Station (polstn-b-traffic-ahd@gujarat.gov.in)

To: agtta.gujarat@yahoo.com

Cc: polstn-b-traffic-ahd@gujarat.gov.in

Date: Monday, 25 April, 2022, 07:28 pm IST

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

h.docx
16.8kB

**પોલીસ ઇન્સપેક્ટર "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનની કચેરી,**

**સેટેલાઇટ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર**

**ટે.નં- ૦૭૯-૨૬૮૬૦૮૧૧ ઈ મેલ : polstn-n-traffic-ahd@gujarat.gov.in**

જાવક નં-/૨૦૨૨ તા.૨૫/૦૪/૨૦૨૨

પ્રતિ,

મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,

ટ્રાફિક "અ" વિભાગ,

અમદાવાદ શહેર.

વિષય :અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનની હદ અંગે જાણકારી આપવા બાબત

હવાલો: આપશ્રી ની કચેરીના પત્ર ક્રમાક નં-એ.સી.પી/વહટ/૧૦૯૭/૨૦૨૨ તા-૨૨/૦૪/૨૦૨૧ આધારે.

સવિનય જય ભારત સાથે આર.આર.શુકલ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર "એન" ડીવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓનો વિનંતી રિપોર્ટ કે,

ઉપરોકત વિષય તથા હવાલા અનુસંધાને જણાવવાનું કે અરજદાર શ્રી હસમુખ એન.ભગદેવ નાઓની અરજી વંચાણે લેતા સદર અરજીમાં અરજદાર શ્રી જણાવેલ છે કે અમદાવાદ શહેરમાં આવેલ તમામ પોલીસ સ્ટેશન ની હદ તેમજ ટ્રાફિક બુથ અંગે અમોને વિસ્તુત માહિતી આપવા વિગેરે મતલબનો ઉલ્લેખ કરેલ હોય જે બાબતેની સદર અરજીમાં અરજદાર શ્રી હસમુખ એન.ભગદેવ માંગ્યા મુજબ ની માહિતી પો.સ્ટેશન તેમજ ટ્રાફિક બુથ હાલમાં કાર્યરત હોય જેની માહિતી નીચે કોલમ મુજબ તૈયારી કરી આ બરાબર મોકલી આપેલ છે. જે સા.મે.ને વિદીત થાય તા.૨૫/૦૪/૨૦૨૨

| અ.નુ | પો.સ્ટેશન તથા બુથ નુ નામ | કાર્યરત જગ્યાનું નામ | રિમાર્ક |
|---|---|---|---|
| ૦૧ | એન ડિવીઝન ટ્રા.પોલીસ સ્ટેશન | સેટેલાઇટ પોલીસ સ્ટેશન માં રામદેવનગર ચાર રસ્તા ની બાજુમાં સેટેલાઇટ અમદાવાદ શહેર | |
| ૦૨ | શિવરંજની ટ્રાફિક બુથ | શિવરંજની બ્રિજ ની નીચે શિવરંજની ચાર રસ્તા સેટેલાઇટ અમદાવાદ શહેર | |
| ૦૩ | અંજલી ટ્રાફિક બુથ | અંજલી બ્રિજ ની બાજુમાં અંજલી ચાર રસ્તા પાલડી અમદાવાદ શહેર | |
| ૦૪ | આનંદનગર ટ્રાફિક બુથ | પ્રહલાદનગર ગાર્ડન ચાર રસ્તા ની બાજુમાં આનંદનગર અમદાવાદ શહેર | |
| ૦૫ | શ્યામલ ટ્રાફિક બુથ | શ્યામલ ચાર રસ્તા ની બાજુમાં આનંદનગર અમદાવાદ શહેર | |
| ૦૬ | પાલડી ટ્રાફિક બુથ | પાલડી ચાર રસ્તા ની બાજુમાં પાલડી અમદાવાદ શહેર | |

(આર.આર.શુકલ)

ઇ ન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર

"એન" ડીવીઝન ટ્રાફિક પો સ્ટેશન

અમદાવાદ શહેર

જાવક નંબર– ૬૨૩/૨૦૨૨
"બી" ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
તા.૨૫ /૦૪/૨૦૨૨

પ્રતિ,
અરજદાર શ્રી હસમુખભાઈ એન. ભગદેવ

આપશ્રીએ કરેલ એક અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન શ્રીએ કરેલ અરજી તપાસ માં મળતા જે વંચાણે લેતાં આપ શ્રીએ અમદાવાદ શહેર માં અકસ્માત થાય ત્યારે ફરિયાદ કરવા જતા પોલીસ સ્ટેશન ની હદ નો પ્રશ્ન ઉભો થાય છે. જેથી તેઓએ અમદાવાદ શહેર ના તમામ પોલીસ સ્ટેશનો ની હદ તેમજ ટ્રાફીક બુથે અંગે વિસ્તૃત માહીતી માંગેલ છે. અમદાવાદ શહેર ના પોલીસ સ્ટેશન ની હદ અંગે જાણકારી આપવા અંગે  શ્રીએ જે અંગે જણાવવાનુ કે અત્રે ના "બી" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન માં (૧) નવરંગપુરા પોલીસ સ્ટેશન (૨) વાડજ પોલીસ સ્ટેશન (૩) નારણપુરા પોલીસ સ્ટેશન (૪) ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન તથા (૫) રિવર ફ્રંટ પૂર્વ (ઈસ્ટ) પોલીસ સ્ટેશન પૈકીનો ફક્ત રિવરફ્ન્ટ નો રસ્તો જ અત્રે ના પોલીસ સ્ટેશન વિસ્તાર ના કાર્યક્ષેત્ર માં આવે છે. તેમજ અત્રે ના પોલીસ સ્ટેશન વિસ્તાર માં (૧) ઈન્કમટેક્ષ બીટ (૨) સ્ટેડીયમ બીટ (૩) વિજય બીટ (૪) પ્રગતિનગર બીટ (૫) અખબનગર બીટ આવેલ છે.

તેમજ આપ શ્રી ના ઈ-મેઈલ www.agtta.co.inઉપર તા.25/04/2022 થી અત્રે ના પો.સ્ટે. ના જાવક અનં.૬૨૩/૨૦૨૨ થી અરજી નો  પ્રત્યુતર પાઠવવામા આવેલ છે. તા.૨૫/૦૪/૨૦૨૨

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION
AHMEDABAD

ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર
"બી" ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

# એન ડિવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

From: "N" Traffic Police Stationt.) (polstn-n-traffic-ahd@gujarat.gov.in)

To: agtta.gujarat@yahoo.com

Date: Tuesday, 26 April, 2022, 06:00 pm IST

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

અરજદાર શ્રી. હસમુખભાઇ એન. ભગદેવ.docx
40.4kB

જાવક નં-૪૭૯/૨૦૨૨

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
તા-૨૭/૦૪/૨૦૨૨

પ્રતિ,
મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી
ટ્રાફીક-વહીવટ ટ્રાફીક શાખા,
અમદાવાદ શહેર

વિષય : અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનની હદ અંગે જાણકારી આપવા બાબત.
હવાલો: મ.પો.કમીશ્રી ટ્રાફીક-વહીવટ વિભાગ ક્રમાંક:ટ્રાફીક/વહટ/૧૦૯૭/૨૦૨૨ તા- ૨૨/૦૪/૨૨
ની અરજી આધારે

જય ભારત સાથે એ.જે.પાંડવ પોલીસ ઇન્સ્પેકટરશ્રી "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાનો વિનંતી રિપોર્ટ કે,

ઉપરોક્ત વિષય તથા હવાલા સબન્ધે લખી જણાવવાનું કે,અરજદારશ્રી હસમુખભાઇ એન ભગદેવ રહે- અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન ,૭૫,સહજાનંદ સોપીંગ સેન્ટર,સ્વામિનારાયણ મંદીર સામે,શાહીબાગ રોડ અમદાવાદ શહેર નાઓની અરજી અમોને આપશ્રી તરફથી ઉપરોક્ત હવાલાથી તપાસમા મળેલ હોય,જે અરજી વંચાણે લેતા,અરજદારે અરજીમા જણાવેલ કે અમદાવાદ શહેરમા જ્યારે અકસ્માત થાય છે ત્યારે ફરીયાદ કરવા જતા પોલીસ સ્ટેશન હદનો પ્રશ્ન ઉભો થાય છે,જેથી શહેરમા આવેલ તમામ પોલીસ સ્ટેશનની હદ તેમજ ટ્રાફીક બુથ અંગે માહીતી માંગેલ હોય,જે અનુંસંધાને આપ સાહેબશ્રીને જણાવવાનુ કે સદર અરજીમા જણાવ્યા પ્રમાણે અત્રેના "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમા નારોલ,દાણીલીમડા,તેમજ કાગડાપીઠ કુલ ત્રણ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે,તેમજ અત્રેના "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનમા એસ.ટી.બીટ તેમજ દાણીલીમડા બીટ કુલ બે બીટ આવેલ છે,તેમજ અત્રેના "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનમા સામેલ ત્રણેય પોલીસ સ્ટેશનના નકશા આ સાથે સામેલ રાખી મોકલી આપેલ હોય, જેથી સદર અરજી બાબતે વધુ કાઇ કરવાનુ રહેતુ ન હોય,જેથી કરેલ કાર્યવાહીનો રીપોર્ટ આપશ્રીને મોકલી આપેલ હોય,જેથી સદર રિપોર્ટ વંચાણે લઇ યોગ્ય કરવા વિ.છે. તા.૨૭ /૦૪/૨૦૨૨

**<u>બીડાણ</u>**

(૧) અસલ અરજી પ્રકરણ
(૨) નકશાની નકલો

**<u>નકલ રવાના</u>**

હસમુખભાઇ એન ભગદેવ
રહે-અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામિનારાયણ મંદીર સામે,
શાહીબાગ રોડ,અમદાવાદ-૩૮૦૦૦૪

(એ.જે.પાંડવ)
પોલીસ ઇન્સ્પેકટર
"કે"ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

Gmail

**Agtta Gujarat <agtta.gujarat@gmail.com>**

## એસ.જી.- ૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન અરજી પ્રત્યુત્તર

**G.K.BHARWAD (GoG-Home Dept.)** <pi-home-sg1trf@gujarat.gov.in>
To: "agtta.gujarat@gmail.com" <agtta.gujarat@gmail.com>

Thu, Apr 28, 2022 at 3:15 PM

# એસ.જી.- ૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

**પ્રત્યુત્તર.docx**
87K

# આપે કરેલ અરજીના કામે માહીતી પાઠવવા બાબત

From: "M" Traffic Police Station (polstn-m-traffic-ahd@gujarat.gov.in)

To: agtta.gujarat@yahoo.com

Date: Thursday, 28 April, 2022, 12:01 pm IST

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

હસુભાઇ એન ભગદેવ.docx
11.9kB

પ્રતિ

અરજદારશ્રી હસુભાઇ એન ભગદેવ

માનદમંત્રી શ્રી અખિલ ગુજરાત

ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન

અમદાવાદ શહેર

વિષય-આપે કરેલ અરજીના કામે માહીતી પાઠવવા બાબત

જય ભારત સાથે જણાવવાનુ કે આપના દ્વારા કરેલ અરજી અમોને મે.મદદ,પો.કમિશ્રી ટ્રાફીક વહીવટ અમદાવાદ શહેર નાઓ તરફથી મળતા જે વંચાણે લેતા અરજીમા જણાવેલ કે જયારે અકસ્માત થાય છે ત્યારે ફરીયાદ કરવા જતા પોલીસ સ્ટેશનની હદનો પ્રશ્ન ઉભો થાય છે જેથી આ બાબત અમદાવાદ શહેરમાં આવેલ તમામ પોલીસ સ્ટેશનની હદ તેમજ ટ્રાફીક બુથ અંગે અમને વિસ્તૃત માહીતી અમોને ઇ.મેઇલ ઉપર મોકલી આપવામાં આવે તેવી વ્યવસ્થા કરી આપવા બાબતે આપે અરજીમા રજુઆત કરેલ હોય જે અનુસંધાને જણાવવાનુ કે અત્રેના "એમ" ડિવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન(૦૧)સરખેજ પો.સ્ટે (૦૨)વેજલપુર પો.સ્ટે (૦૩)વાસણા પો.સ્ટે (૦૪)એલિસબ્રીજ પો.સ્ટે (૦૫)રીવરફ્રંટ વેસ્ટ(પશ્ચિમ)પો.સ્ટે ના હદ વિસ્તારનુ ટ્રાફીક પો.સ્ટેશન છે "એમ" ડિવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન કાર્યક્ષેત્રમાં ઉપરોકત જણાવેલ પો.સ્ટેના હદ વિસ્તારનો સમાવેશ થાય છે તેમજ અત્રેના ટ્રાફીક પો.સ્ટે કુલ-૦૬ ટ્રાફીક બીટ/બુથ આવેલ છે જેમા (૦૧)શાંતિપુરાબીટ (૦૨)સરખેજ બીટ (૦૩)વિશાલાબીટ (૦૪)જીવરાજપાર્કબીટ (૦૫)નહેરુબ્રીજબીટ (૦૬)પંચવટીબીટ આવેલ છે જે આપે કરેલ અરજીમાં જણાવેલ માહીતી છે. તા.૨૭/૦૪/૨૦૨૨

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION AHMEDABAD

(એન.એસ.કટકડી)
ઈ/ચા પોલીસ ઈન્સપેકટર
એમ ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

# એસ.જી.૦૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન

સોલા સિદ્ધ્નપાર્ક, સોલા સિવિલ હોસ્પીટલની સામે,
અમદાવાદ શહેર
ફોન નં. (૦૭૯) ૨૭૭૭૪૨૨૭
ઇ-મેલ - pi-home-sg1trf@gujarat.gov.in


YEARS OF CELEBRATING THE MAHATMA

| | |
|---|---|
| જાવક ક્રમાંક : ૪૩૦/૨૦૨૨ | તા.૨૮/૦૪/૨૦૨૨ |

પ્રતિ
હસુભાઇ એન. ભગદે
માનદમંત્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ
અસોશીએશન અમદાવાદ શહેર

સવિનય સાથે જણાવવાનુ કે, આપશ્રીએ તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ આપના લેટર પેડ ઉપર ગુજરાતી ભાષામાં ટાઇપીંગ કરેલ અરજી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની કચેરી ખાતે કરેલ છે. જેમાં આપશ્રીએ અરજીમાં અમદાવાદ શહેર વિસ્તારના પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર તથા ટ્રાફિક બુથ અંગે માહિતી આપવા અરજી કરેલ છે. જે અરજી અત્રે પો.સ્ટે તપાસ અર્થે મળેલ છે. આ કામે અત્રે પો.સ્ટેથી આપશ્રીની અરજી અન્વયે અત્રેના એસ.જી.-૦૧ ટ્રાફિક પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર થલતેજ ચાર રસ્તા થી નિરમા યુનિવર્સિટી સુધી એસ.જી. હાઈવેનો છે. જેમાં બન્ને બાજુ એસ.જી.હાઈવેની બન્ને બાજુ ૧૦૦ મીટર પહોળાઈ સુધીનો કવર કરે છે. અને જેમાં ત્રણ બીટ આવેલ છે. હેબતપુર બીટ, ગુજરાત હાઈકોર્ટ બીટ અને ગોતા બીટ એમ ત્રણ જગ્યાએ ટ્રાફિક બુથ આવેલા છે. અને અત્રેના પોલીસ સ્ટેશનની હદ વિસ્તારની ટ્રાફીકની સમસ્યા હોય તો ૦૭૯- ૨૭૭૭૪૨૨૭ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION AHMEDABAD

ઈ.પોલીસ ઈન્સપેક્ટર
એસ.જી.૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

ક્રમાંક: અરજ.એડીજીપી.A\ 7. ૬૧૮૧ .2022
પોલીસ અધિક્ષકની કચેરી, પોરબંદર
તારીખ : 21-05-22

વિષય: <u>પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજૂઆત</u>

આધાર: <u>આપશ્રીના પત્ર ક્રમાંક: ક્રમાંક.૧૮૬/એસટીબી/આરબી/એક.નં..૨/ગવ.રેફ.અરજી/૬૪૯/૨૨ તા.૧૮/૦૫/૨૨ અન્વયે.</u>

ઉપરોક્ત વિષય તથા આધાર અન્વયે સવિનય જણાવવાનું કે, આધારવાળા પત્ર સંગત આ/સાથે અરજદારશ્રી હસુભાઈ એન.બગડે (માનવમંત્રી), ગામ: રાજકોટ, તાલુકો: રાજકોટની તા.૨૯/૦૭/૨૨ ની અરજી આ સાથે સામેલ છે.

પ્રસ્તુત બાબતે અરજદારશ્રીએ અરજીમાં કરેલ રજૂઆત મુજબની કોઈ રજૂઆત મળ્યે જરૂરી નીયમો અનુસાર કાર્યવાહી કરવા સુચના કરવામાં આવે છે.

'પોલીસ અધિક્ષકશ્રી ની આજ્ઞાનુસાર '

બીડાણ:– અરજીની નકલ

પોલીસ અધિક્ષક
પોરબંદર વતી

પ્રતિ,
પો.સબ.ઇન્સ્પે.શ્રી,
ટ્રાફીક શાખા પોરબંદર

<u>નકલ રવાના:</u>
(૧)તમામ થાણા અમલદારશ્રી,
પોરબંદર જીલ્લો.

(૨) શ્રી હસુભાઈ એન.બગડે રહે– ૯૫ સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદિર સામે શાહીબાગ રોડ અમદાવાદ

AGTTA
DT.: 26/05/2022
File No. : 20

Tele.No. 0286-2240922. Fax No. 0286-2243015. Add. Wadia Road Porbandar-360575
e-mail: sp-por@gujarat.gov.in website : http://spporbandar.gujarat.gov.in

આવક/જાવક નંબર/ ૩૩૮ /૨૦૨૦
જિલ્લા ટ્રાફીક શાખા, પાટણ
તારીખ-૨૪/૫/૨૦૨૦

21480

પ્રતિ

મુકેશભાઇ સી.દવે(કાર્યકર પ્રમુખ)
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપાર્ટ એસોસીએશન
રહે-૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામીનારાયણ મંદિર સામે
શાહીબાગ રોડ,અમદાવાદ,મો-૯૮૨૪૦૩૯૪૭૭

---

વિષયઃ- નિવેદન લખાવવા હાજર રહેવા બાબત

સંદર્ભઃ- પોલીસ અધિક્ષકશ્રી ના ક્રમાંક-૧૩૭/અરજી/બ/૪૧૯/૨૦૨૨ /વશી/૨૪૬૦/૨૦૨૨ તા-૧૮/૦૫/૨૦૨૨ અરજી અનુસંધાને.

જયભારત સાથે ડી.કે.બ્રહ્મભટ્ટ પો.સબ.ઇન્સ જીલ્લા ટ્રાફિક શાખા, પાટણ વાળાઓનો ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે વિનંતી રીપોર્ટ કે.

સંદર્ભ દર્શાવેલ નંબર તારીખવાળી પોલીસ અધિક્ષક ની કચેરી પાટણ નાઓને ઉદ્દેશીને કરેલ પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત બાબતે ની અરજીની તપાસ અમો ચલાવી રહેલ છીએ.આ કામે અમોએ સદર હુ અરજીના કામે આપનુ નિવેદન લેવુ જરૂરી હોઇ આ પત્રે મળે થી રૂબરૂ દિન-૩ માં હાજર રહેવા સમજ કરવામાં આવે છે.જે.આપ.શ્રીને .વિ. થાય.તા-૨૧/૦૫/૨૦૨૨

(ડી કે બ્રહ્મભટ્ટ)
પો. સબ ઇન્સ
જીલ્લા ટ્રાફીક, પાટણ

AGTTA
Dt.: 30/05/2022
File No.: 20

જાવક/જાવક નંબર/ 336 /૨૦૨૨
જિલ્લા ટ્રાફીક શાખા,પાટણ
તારીખ ૨૨-૫/૨૦૨૨

પ્રતિ


હસુભાઇ એન.ભગદ (માનદમંત્રી)
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
રહે-૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામીનારાયણ મંદિર સામે
શાહીબાગ રોડ,અમદાવાદ,મો-૯૩૭૩૩૫૬૮૦૧


વિષયઃ- નિવેદન લખાવવા હાજર રહેવા બાબત
સંદર્ભઃ- પોલીસ અધિક્ષકશ્રી ના ક્રમાંક-૧૩૭/અરજી/બ/૪૧૯/૨૦૨૨
/વશી/૨૪૬૦/૨૦૨૨ તા-૧૮/૦૫/૨૦૨૨ અરજી અનુસંધાને.

જયભારત સાથે ડી.કે.બ્રહ્મભટ્ટ પો.સબ.ઇન્સ જીલ્લા ટ્રાફિક શાખા, પાટણ વાળાઓનો ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે વિનંતી રીપોર્ટ કે,

સંદર્ભ દર્શાવેલ નંબર તારીખવાળી પોલીસ અધિક્ષક ની કચેરી પાટણ નાઓને ઉદ્દેશીને કરેલ પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત બાબતે ની અરજીની તપાસ અમો ચલાવી રહેલ છીએ.આ કામે અમોએ સદર હુ અરજીના કામે આપનુ નિવેદન લેવુ જરૂરી હોઇ આ પત્રે મળે થી રૂબરૂ દિન-૩ માં હાજર રહેવા સમજ કરવામાં આવે છે.જે.આપ.શ્રી.ને .વિ. થાય.તા-૨૧/૦૫/૨૦૨૨

( ડી કે બ્રહ્મભટ્ટ )
પો. સબ ઇન્સ
જીલ્લા ટ્રાફીક, પાટણ

AGTTA
DT.: 30/05/2022
File No.: 20

RPAD

<u>સમજયાદી</u>

ક્રમાંક:૩RDIVI/૨૪૩૮/૨૦૨૨
વિભાગીય પોલીસ અધિક્ષકની કચેરી,
વડોદરા ગ્રામ્ય વિભાગ, વડોદરા
તારીખ.૨૭/૦૫/૨૦૨૨

પ્રતિ,
શ્રી વસંગભાઈ .જી આહીર ,
અખીલ ગુજરાત ટ્રક એસોસીયેશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર સ્વામીનારાયણ મંદીર સામે ,
શાહીબાગ રોડ , અમદાવાદ, ૩૮૦૦૦૪.

વિષય :- અરજીના કામે જરૂરી પુરાવા સાથે નિવેદન લખાવવા બાબત.

આથી તમોને જણાવવામાં આવે છે કે,બી.આર.ડી.વી/ડી.એ.આર/૪૦/૨૦૨૨તા.૨૫/૦૫/૨૦૨૨ અન્વયે , આપની અરજી અનુસંધાને આપનુ નિવેદન લેવાનું હોય જેથી જરૂરી પુરાવા સાથે આ સમજયાદી મળેથી અત્રેની કચેરીએ તમામ પુરાવા સાથે આવી આપનું નિવેદન લખાવી જવા આપને જાણ કરવામાં આવે છે. આ સમજયાદી મળેથી દિન-૫ માં આપ અત્રેની કચેરીએ નિવેદન લખાવવા હાજર નહિ રહો તો આપને અરજી અનુસંધાને કોઇ કાર્યવાહી કરવી નથી. તેમ માની અરજી ફાઇલે કરવામા આવશે.

(સુદર્શનસિંહજી કે.વાળા)
વિભાગીય પોલીસ અધિક્ષક
વડોદરાગ્રામ્ય, વિભાગ,વડોદરા

અત્રેની કચેરીનુ <u>સરનામુ:-</u>
વિભાગીય પોલીસ અધીક્ષકશ્રીની કચેરી
વડોદરા ગ્રામ્ય, ડીવીઝન, બીજો માળ કોઠી કચેરી,
રાવપુરા, વડોદરા શહેર.
ફોન.નં.૦૨૬૫-૨૪૩૯૨૯૧

AGTTA
DT.: 01/06/2022
File No.: 20

VIJALPORE POLICE STATION
TA-JALALAPORE DIST-NAVSARI (GUJARAT)
PHONE No.:02637 255400
EMIL: polstn-Vijalpore-nav@gujarat.gov.in

જાવક નંબર....૨૧૮..../૨૦૨૨
પોલીસ ઇન્સપેક્ટરની કચેરી
વિજલપોર પોલીસ સ્ટેશન
તા. ૨૮/૦૫/૨૦૨૨

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગરોડ, અમદાવાદ

આથી તમો અરજદારશ્રીની એક પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત વાળી અરજી અત્રેના પો.સ્ટે.માં તપાસ માટે મળતા જે અરજી અત્રેના પો.સ્ટે.માં ડી.એ.નંબર.૬૬/૨૦૨૨ તા.૨૪/૦૫/૨૦૨૨ થી નોંધી પોલીસ વિભાગના નિયમોનુસાર તાબાના પોલીસ માણસોને કાર્યવાહી કરવા તેમજ જાતેથી કાર્યવાહી કરવા માટે નોંધ રાખેલ છે અને આ સિવાય પોલીસને લગતી બીજી કોઇ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી આપની અરજી આગળની કાર્યવાહી સારૂ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી નવસારી તરફ મોકલી આપેલ છે. જેની આપને જાણ કરવામાં આવે છે.

(કે.બી.દેસાઇ)
પોલીસ ઇન્સપેક્ટર
વિજલપોર પોલીસ સ્ટેશન

AGITA
DT.: 02/06/2022
File No.: 20

"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા. ૩૧-૦૫-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી ડી. કે. બ્રહ્મભટ્ટ સાહેબ**
પોલીસ સબ ઈન્સ્પેકટર
જીલ્લા ટ્રાફિક, પાટણ.

**<u>વિષય :- પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆતના સંદર્ભે નિવેદન લખાવવા બાબત</u>**

માનનીય શ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા તા.૨૯-૦૩-૨૦૨૨ના રોજ માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ, ગુજરાત રાજય, ગાંધીનગર ને પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત કરતો પત્ર લખેલ. જેના અનુસંધાને આપના પત્ર ક્રમાંક નંબર/૩૩૮-૩૩૯/૨૦૨૦-૨૧૫૪૦-૨૧૫૪૧તા. ૨૧-૦૫-૨૦૨૨ના રોજનો પત્ર અત્રે કાર્યાલયમાં તા.૩૦-૦૫-૨૦૨૨ના રોજ મળેલ છે.

વિશેષમાં ઉપરોકત વિષયે ખાસ જણાવવાનું કે અમારા તા.૨૯-૦૩-૨૦૨૨ના પત્રમાં જણાવેલ બાબત એ ગુજરાત લેવલનો પ્રશ્ન છે. અમે કરેલ અરજીમાં કોઈ નામજોગ બનાવ બાબતે કોઈ વ્યકિતગત આક્ષેપ કરેલ નથી પરંતુ વાહનચાલકોને પરેશાની ન થાય તે બાબતની અમારી માત્ર રજુઆત છે.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)

જાવક નં.૦૮/૨૦૨૨
ગીરસોમનાથજીલ્લા
હાઇવે ટ્રાફિક શાખા
તા.૦૧/૦૬/૨૦૨૨

પ્રતિ,
પોલીસ અધિક્ષક સાહેબ
ગીર-સોમનાથની કચેરી (અરજી શાખા)

વિષયઃ-પોલીસ ખાતામાંપડતી અગવડતા અંગેની રજુઆત સંદર્ભે કાયદેસર કાર્યવાહી કર્યા બાબત.

આધારઃ- ક્રમાંક:અરજી/૧૯૩/ડીજીપી/૨૩/૧૨૦૮૬/૨૦૨૨તા.૨૧-૨૫/૦૫/૨૦૨૨

સવિનયજયભારતસાથગીરસોમનાથજીલ્લાહાઇવેટ્રાફિકશાખાના।/C
પો.સબ.ઇન્સનાઓનોવિનંતીરીપોર્ટકે,

ઉપરોકત વિષય તથા આધાર અન્વયે જણાવવાનું કે,અરજદારશ્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન અમદાવાદ નાઓએ માન. રાજ્ય ગૃહ મંત્રીશ્રી, અને પોલીસ હાઉસીંગ ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓને એક અરજી કરેલ જે અરજી અત્રેના ગીર-સોમનાથ જીલ્લા પો.અધિ.સા. તરફથી જીલ્લા હાઇવે ટ્રાફિક શાખામાં તપાસ અર્થે અરજી આવેલ જે અરજી વંચાણે લેતા ઉપરોક્ત અરજદારે આ અરજીમાં ટ્રાન્સપોર્ટ ટ્રક ના નાના-મોટા કોઇ અકસ્માત થાય ત્યારે તેમા લાદેલ માલસામાન અને અન્ય ચીજવસ્તુની સલામતી જોખમાય છે. અને જેની જવાબદારી પોલીસ અધિકારી દ્વારા લેવામાંઆવતી નથી અને જ્યારે માલસામાન ગુમ થાય ત્યારે થતી હેરાનગતિ બાબતની રજુઆત કરેલ હોય જે બાબતેની તપાસ કરતા નીચે મજુબ અહેવાલ છે.

અત્રેના ગીર-સોમનાથ જીલ્લામાં ઉપરોક્ત અરજદારે કરેલ અરજી અનુસંધાને જણાવવાનુ કે, અત્રેના જીલ્લામાં ટ્રાફિક પોલીસ દ્વારા આવા અકસ્માત ગુન્હાની તપાસ કરવામાં આવતી નથી પરંતુ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા તપાસ કરવામાં આવે છે. અને આ રઅજીની નકલ આપના સ્તરેથી સમગ્ર જીલ્લાના તમામ પો.સ્ટે.માં આપવામાં આવેલ છે. તેમજ અમારા તરફથી આવી કોઇ તપાસ કરવામાં આવેલ નથી કે રજુઆત આવેલ ના હોય અને તેમ છતા આ બાબતે ભવિષ્યમાં આવી અકસ્માત સંદર્ભમાં તપાસ કરવામાં આવશે તો ટ્રક ચાલકોને પોલીસ દ્વારા અગવડતા ઉભી ના થાય તે માટે પુરતી તકેદારી રાખી કામગીરી કરવા તથા કરાવવા અમોએ જાતેથી નોંધ રાખેલ છે. જેથી ભવિષ્યમાં આવા કોઇ પ્રશ્ન ઉભા ના થાય તે માટે સુચન કરેલ છે. તેમજ ગીર-સોમનાથ જીલ્લાના તમામ ટ્રાફિક પોલીસ અધિકારી/કર્મચારીઓને આ અંગે સતર્ક રહેવા તેમજ આવી કોઇ મુશ્કેલીઓ વાહન ચાલકોને ના પડે તે માટે પુરતી તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે તથા આ અરજી બાબતે હાલ વધુ કાંઇ કરવાનુ થતુ ના હોય જેથી આ અરજી બાબતે યોગ્ય થવા અમારી વિનંતી છે. અને તેમજ અરજદારશ્રીઅખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન અમદાવાદ નાઓને આ બાબતની જાણ તેમને કરેલ અરજીમાં ઇ-મેઇલ એડ્રેસ agtta.gujarat@yahoo.comઉપર મેઇલ કરેલ છે. તેમજ અસલ અરજી આ સાથે સામેલ રાખી આપ સા. તરફ મોકલેલ હોય જેથી આ અરજી ફાઇલે કરવા વિ. છે.

I/c પો.સબ.ઇન્સ
ગીરસોમનાથજીલ્લા
હાઇવે ટ્રાફિક શાખા

# GIR-SOMNATH JILLA HIGHWAY TRAFIK

From: Partap G Parmar(GoG-Home Dept.) (traff-sp-gir@gujarat.gov.in)

To: agtta.gujarat@yahoo.com

Date: Wednesday, 1 June, 2022, 12:07 pm IST

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

akhil gujarat truck transport.docx
20.6kB

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association


૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801


રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ — તા.૦૨-૦૬-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી સુદર્શનસિંહજી કે. વાળા સાહેબ**
વિભાગીય પોલીસ અધિક્ષક
વડોદરા ગ્રામ્ય, વડોદરા.

**વિષય :- પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆતના સંદર્ભે નિવેદન લખાવવા બાબત**

માનનીય શ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા તા.૨૯-૦૩-૨૦૨૨ના રોજ માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત કરતો પત્ર લખેલ. જેના અનુસંધાને આપના પત્ર ક્રમાંક બીઆરડીઆઈવીઆઈ/૨૪૩૧/૨૦૨૨ તા.૨૭-૦૫-૨૦૨૨ના રોજનો પત્ર અત્રે કાર્યાલયમાં તા.૦૨-૦૬-૨૦૨૨ના રોજ મળેલ છે.

આપશ્રીને વિદીત થાય કે આપના ઉપરોકત પત્રમાં માન.શ્રી વાસણભાઈ જી. આહીર-પ્રમુખશ્રીને ઉદ્દેશીને નીવેદન લખાવવા આવવા જણાવેલ છે, પરંતુ શ્રી વાસણભાઈ આહીર સાહેબ પુર્વ મંત્રી અને હાલમાં અંજારના ધારા સભ્ય છે. જેથી તેઓ નિવેદન લખાવવા આવી શકશે નહી.

વિશેષમાં ખાસ જણાવવાનું કે અમારા તા.૨૯-૦૩-૨૦૨૨ના પત્રમાં જણાવેલ બાબત એ ગુજરાત લેવલનો પ્રશ્ન છે. અમે કરેલ અરજીમાં કોઈ નામજોગ બનાવ બાબતે કોઈ વ્યકિતગત આક્ષેપ કરેલ નથી પરંતુ વાહનચાલકોને પરેશાની ન થાય તે બાબતની અમારી માત્ર રજુઆત છે.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

H N Bhagdev
**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)

જાવક નંબર 2862/૨૦૨૨
નવસારી રૂરલ પો.સ્ટે.
તા.૦૧/૦૬/૨૦૨૨

## <u>સમજ યાદી</u>

હું પી.વી.પાટીલ પો.સબ ઇન્સ. નોકરી નવસારી રૂરલ પો.સ્ટે.જી.નવસારી

આથી તમોને યાદી લખી લેખીતમાં જાણ કરવામાં આવેલ છે કે, તમોએ આપેલ અરજી જે નવસારી રૂરલ પો.સ્ટે. ડી.એ.અરજી નંબર ૧૪૪/૨૦૨૨ તા.૨૪/૦૫/૨૦૨૨ ની તારીખ વાળી અરજી તમોએ પોલીસ ખાતામાં પડતી અવગડતા બાબતની આપેલ છે. જે અરજીના કામે આપનુ નિવેદન લેવાનુ જરૂરી હોય જેથી આ યાદી મળેથી દિન ૦૧ માં નવસારી ગ્રીડ પોલીસ ચોકી ખાતે આપનુ નિવેદન લખાવવા સારૂ અચુક હાજર રહેવા તમોને સમજ કરવામાં આવે છે. જેની નોંધ લેશો.

હાજર રહેવાનું સ્થળ= નવસારી ગ્રીડ પોલીસ ચોકી

(પી.વી.પાટીલ)
પો.સબ ઇન્સ.
નવસારી રૂરલ પો.સ્ટે.

**અરજદારશ્રી** - અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
રહે.૭૫ સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર
ની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ

AGTTA
DT.: 15/6/2022
File No.: 20

Gmail

**Agtta Gujarat <agtta.gujarat@gmail.com>**

## એસ.જી.૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન આપશ્રીની અરજીનો પ્રત્યુત્તર પાઠવવા બાબત.

**G.K.BHARWAD (GoG-Home Dept.)** <pi-home-sg1trf@gujarat.gov.in>
To: "agtta.gujarat@gmail.com" <agtta.gujarat@gmail.com>

Sat, Jun 4, 2022 at 7:16 PM

# એસ.જી.૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

**New Microsoft Office Word Document (7).docx**
87K

# એસ.જી.૦૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન

સોલા ચિલ્ડ્રનપાર્ક, સોલા સિવિલ હોસ્પીટલની સામે,
અમદાવાદ શહેર
ફોન નં. (૦૭૯) ૨૭૭૭૪૨૨૭
ઈ-મેલ - pi-home-sg1trf@gujarat.gov.in


| જાવક ક્રમાંક : ૬૫૫/૨૦૨૨ | તા.૦૪/૦૬/૨૦૨૨ |
|---|---|

પ્રતિ
મુકેશભાઈ દવે
કાર્યકારી પ્રમુખશ્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ
અસોશીએશન અમદાવાદ શહેર

સવિનય સાથે જણાવવાનુ કે, આપશ્રીએ તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ પોતાના લેટર પેડ ઉપર ગુજરાતી ભાષામાં ટાઇપીંગ કરેલ અરજી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની કચેરી ખાતે કરેલ છે. જેમાં આપશ્રીએ અરજીમાં શહેરી વિસ્તારમાં ભારે વાહનનો અકસ્માત થાય છે ત્યારે ટ્રાફીક પોલીસ ધ્વારા ગુનો દાખલ કરવામાં આવે છે. અને અકસ્માતમાં વાહન પણ ગુનાના કામે કબજે કરવામાં આવે છે. અને તે વાહનને કોર્ટ ધ્વારા છોડાવવામાં આવે છે. અને તે વાહનમાં રહેલ માલ-સામાન તેમજ વાહનની બેટરી સ્પેરવ્હીલ ડીઝલટેંક વિગેરે સામાનની જવાબદારી પોલીસ ધ્વારા લેવામાં આવતી નથી. અને જયારે આવા સામાનની ગુમ થવા બાબતની રજુઆત કરવા જઇએ તો પોલીસ ધ્વારા સીમા હદનો પશ્ન ઉપસ્થિત થાય છે. જેથી આવા પશ્નનો બાબતે સુચારૂ વ્યવસ્થા કરવા બાબતે આપશ્રીએ સજેશનરૂપી અરજી કરી સજેનશ કરેલ છે.જે સજેશનરૂપી અરજી અત્રે પો.સ્ટે તપાસ અર્થે મળેલ છે. આ કામે અત્રે પો.સ્ટેથી આપશ્રીની અરજી અન્વયે અકસ્માતમાં કબજે લીધેલ વાહનમાં રહેલ માલ સામાન બાબતે પી.એસ.ઓ. તથા અકસ્માતના ગુનાની તપાસ કરતા ત.ક.અધિકારીશ્રીને જરૂરી સુચના આપેલ છે. અને અત્રેના પોલીસ સ્ટેશનની હદ વિસ્તારની ટ્રાફીકની સમસ્યા હોય તો ૦૭૯- ૨૭૭૭૪૨૨૭ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION
AHMEDABAD

(એ.એસ.પટેલ)
પોલીસ ઈન્સપેક્ટર
એસ.જી.૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

જાવક નંબર ૨૧૬૫/૨૦૨૨
નવસારી રૂરલ પો.સ્ટે.
તા.૦૪/૦૬/૨૦૨૨

<u>સમજ યાદી</u>

હું પી.વી.પાટીલ પો.સબ ઇન્સ. નોકરી નવસારી રૂરલ પો.સ્ટે.જી.નવસારી

આથી તમોને યાદી લખી લેખીતમાં જાણ કરવામાં આવેલ છે કે, તમોએ આપેલ અરજી જે નવસારી રૂરલ પો.સ્ટે. ડી.એ.અરજી નંબર ૧૪૪/૨૦૨૨ તા.૨૪/૦૫/૨૦૨૨ ની તારીખ વાળી અરજી તમોએ પોલીસ ખાતામાં પડતી અવગડતા બાબતની આપેલ છે. જે અરજીના કામે આપનુ નિવેદન લેવાનુ જરૂરી હોય જેથી આ યાદી મળેથી દિન ૦૧ માં નવસારી ગ્રીડ પોલીસ ચોકી ખાતે આપનુ નિવેદન લખાવવા સારૂ અચુક હાજર રહેવા તમોને સમજ કરવામાં આવે છે. જેની નોંધ લેશો.

<u>હાજર રહેવાનું સ્થળ</u>= <u>નવસારી ગ્રીડ પોલીસ ચોકી</u>

P.V.Patil
(પી.વી.પાટીલ)
પો.સબ ઇન્સ.
નવસારી રૂરલ પો.સ્ટે.

<u>અરજદારશ્રી</u> - અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
રહે.૭૫ સહજાનંદ શોપિંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર
ની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ

AGTTA
DT. 15/6/2022
File No.: 20

જાવક નંબર ૨૦૦૪/૨૦૨૨
નવસારી રૂરલ પો.સ્ટે.
તા.૧૧/૦૬/૨૦૨૨

<u>સમજ યાદી</u>

હું એસ.બી.ટંડેલ પો.સબ ઇન્સ. નોકરી નવસારી રૂરલ પો.સ્ટે.જી.નવસારી

આથી તમોને યાદી લખી લેખીતમાં જાણ કરવામાં આવેલ છે કે, તમોએ આપેલ અરજી જે નવસારી રૂરલ પો.સ્ટે. ડી.એ.અરજી નંબર ૧૪૪/૨૦૨૨ તા.૨૪/૦૫/૨૦૨૨ ની તારીખ વાળી અરજી તમોએ પોલીસ ખાતામા પડતી અવગડતા બાબતની આપેલ છે. જે અરજીના કામે આપનુ નિવેદન લેવાનુ જરૂરી હોય જેથી આ યાદી મળેથી દિન ૦૧ માં નવસારી ગ્રીડ પોલીસ ચોકી ખાતે આપનુ નિવેદન લખાવવા સારૂ અચૂક હાજર રહેવા તમોને સમજ કરવામાં આવે છે. જેની નોંધ લેશો.

<u>હાજર રહેવાનું સ્થળ= નવસારી ગ્રીડ પોલીસ ચોકી</u>

(એસ.બી.ટંડેલ)
પો.સબ ઇન્સ..
નવસારી રૂરલ પો.સ્ટે.

<u>અરજદારશ્રી</u> - અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
રહે.૭૫ સહજાનંદ શોપિંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર
ની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ

AGTTA
DT.: 10/6/2022
File No.: 20

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા.૧૫-૦૬-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી પી. વી. પાટીલ સાહેબ**
પો. સબ. ઈન્સ.
નવસારી રૂરલ પોલીસ સ્ટેશન
નવસારી.

**વિષય :- પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆતના સંદર્ભે નિવેદન લખાવવા બાબત**

માનનીય શ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા તા.૨૯-૦૩-૨૦૨૨ના રોજ માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ, ગુજરાત રાજય, ગાંધીનગર ને પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત કરતો પત્ર લખેલ. જેના અનુસંધાને આપના પત્ર ક્રમાંક ૨૧૪૨/૨૦૨૨ તા.૦૨-૦૬-૨૦૨૨ અને ૨૧૬૬/૨૦૨૨ તા.૦૪-૦૬-૨૦૨૨ના રોજના પત્ર અત્રે કાર્યાલયમાં તા.૧૫-૦૬-૨૦૨૨ના રોજ મળેલ છે.

વિશેષમાં ખાસ જણાવવાનું કે અમારા તા.૨૯-૦૩-૨૦૨૨ના પત્રમાં જણાવેલ બાબત એ ગુજરાત લેવલનો પ્રશ્ન છે. અમે કરેલ અરજીમાં કોઈ નામજોગ બનાવ બાબતે કોઈ વ્યકિતગત આક્ષેપ કરેલ નથી પરંતુ વાહનચાલકોને પરેશાની ન થાય તે બાબતની અમારી માત્ર રજુઆત છે.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

[signature]
**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

[signature]
**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Executive President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Gandhinagar) | (Ahmedabad) | (Rajkot) |
| | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |


રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા.૧૫-૦૬-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી એસ. બી. દંડેલ સાહેબ**
પો. સબ. ઈન્સ.
નવસારી રૂરલ પોલીસ સ્ટેશન
નવસારી.

**વિષય :- પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆતના સંદર્ભે નિવેદન લખાવવા બાબત**

માનનીય શ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા તા.૨૯-૦૩-૨૦૨૨ના રોજ માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત કરતો પત્ર લખેલ. જેના અનુસંધાને આપના પત્ર ક્રમાંક ૨૨૦૯/૨૦૨૨ તા.૧૧-૦૬-૨૦૨૨ના રોજના પત્ર અત્રે કાર્યાલયમાં તા.૧૫-૦૬-૨૦૨૨ના રોજ મળેલ છે.

વિશેષમાં ખાસ જણાવવાનું કે અમારા તા.૨૯-૦૩-૨૦૨૨ના પત્રમાં જણાવેલ બાબત એ ગુજરાત લેવલનો પ્રશ્ન છે. અમે કરેલ અરજીમાં કોઈ નામજોગ બનાવ બાબતે કોઈ વ્યકિતગત આક્ષેપ કરેલ નથી પરંતુ વાહનચાલકોને પરેશાની ન થાય તે બાબતની અમારી માત્ર રજુઆત છે.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

| | |
|---|---|
| **મુકેશભાઈ સી. દવે** | **હસુભાઈ એન. ભગદેવ** |
| (કાર્યકારી પ્રમુખ) | (માનદમંત્રી) |

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા.૨૪-૦૬-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી પી.આર.જાડેજા સાહેબ**
પોલીસ ઈન્સપેક્ટર-બોપલ પોલીસ સ્ટેશન
અમદાવાદ (ગ્રામ્ય)
અમદાવાદ.

**<u>વિષય</u> :- <u>પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજૂઆતના સંદર્ભે નિવેદન લખાવવા બાબત</u>**

માનનીય શ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા તા.૨૯-૦૩-૨૦૨૨ના રોજ માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને પોલીસ ખાતામાં પડતી અગવડતા અંગેની રજુઆત કરતો પત્ર લખેલ.

આપની સાથે ટેલીફોન ઉપર થયેલ વાતચીત મુજબ ખાસ જણાવવાનું કે અમારા તા.૨૯-૦૩-૨૦૨૨ના પત્રમાં જણાવેલ બાબત એ ગુજરાત લેવલનો પ્રશ્ન છે. અમે કરેલ અરજીમાં કોઈ નામજોગ બનાવ બાબતે કોઈ વ્યકિતગત આક્ષેપ કરેલ નથી પરંતુ વાહનચાલકોને પરેશાની ન થાય તે બાબતની અમારી માત્ર રજુઆત છે.

અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતે યોગ્ય સુચનાઓ આપવામાં આવે તો અમારા ટ્રાન્સપોર્ટ વ્યવસાયીકોને પડતી તકલીફમાં રાહત મળે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)